**ગોંડલના એડી. ચીફ. જ્યુડી. મેજી. સાહેબશ્રીની અદાલતમાં, મુ.ગોંડલ.**
**ફોજદારી કેસ નં.૯૬/૨૦૨૬**
**આંક–**

**ફરીયાદી :– શ્રી સરકાર**

વિરૂદ્ધ

**આરોપી :– પપ્પુ ઉર્ફે ભરત ટોળીયાભાઈ ગામોડ,**
રહે. કમળાપુર ગામની સીમમાં, ભરતભાઈ
સુખાભાઈની વાડીમાં, તા. જસદણ, જી. રાજકોટ.

**ગુન્હો : આઇ. પી. સી. કલમ–૩૯૫, ૩૨૩ મુજબ.**

**:: કમીટલ હુકમ ::**

(૧) આ કામે આરોપી વિરુધ્ધ ગુનો રજીસ્ટર્ડ થતાં આરોપી વિરુદ્ધ આઇ. પી. સી. કલમ–૩૯૫, ૩૨૩ મુજબનો ગુન્હો અત્રેની અદાલતમાં રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૨) આ કામે આરોપીનું નિવેદન નોંધેલ છે તથા જણાવેલ છે કે, તેઓએ સદર કેસ ચલાવવા માટે ખાનગી વકિલ રોકવા માંગે છે.

(૩) આ કામના આરોપી વિરુદ્ધ આઇ. પી. સી. કલમ–૩૯૫, ૩૨૩ મુજબના ગુનાનો આક્ષેપ છે અને તેથી આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા અત્રેની અદાલતને ન હોઈ, પરંતુ નામદાર સેશન્સ કોર્ટને સદરહુ ગુનાની ઈન્સાફી કાર્યવાહી સત્તા હોવાથી સદરહુ ફોજદારી કેસ ગુનાની ઈન્સાફી કાર્યવાહી અર્થે નામદાર સેસન્સ કોર્ટ, ગોંડલ ખાતે કમીટ કરવાનો રહે છે. સબબ ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) આ કામના આરોપી સામેના આઇ. પી. સી. કલમ–૩૯૫, ૩૨૩ મુજબના ગુનાને લગતો સદરહુ ક્રિમીનલ કેસ નંબર ૯૬/૨૦૨૬ બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૨ હેઠળ ગુનાની ઈન્સાફી કાર્યવાહી અર્થે

નામદાર સેશન્સ કોર્ટ, ગોંડલ ખાતે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કેસનુ તમામ અસલ રેકર્ડ નામદાર સેશન્સ કોર્ટ, ગોંડલ ખાતે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદરહુ કેસ બી.એન.એસ.એસ. એકટની કલમ–૨૩૨ મુજબ કમીટ કર્યા બાબતની જાણ જીલ્લા સરકારી વકીલશ્રીની કચેરી, ગોંડલને કરવી.

હુકમ આજ તા. ૦૭ મી, માહે: જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૭/૦૭/૨૦૨૬
સ્થળ: ગોંડલ.

**(કુ. જિજ્ઞાશા માણેકલાલ ગજ્જર)**
એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ગોંડલ.
(GJ00921)